**મે.વલસાડ ખાતેનાં મજુર અદાલતનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી**
**કે. એચ. ટ્રંકવાલા સાહેબ સમક્ષ, મુ.વલસાડ.**

**રીકવરી અરજી નં.૩૭/૨૦૧૭.**
**આંક–૧૪**

**અરજદાર :–** **લક્ષ્મણભાઈ બરસાતી યાદવ,**
ઠે.રૂમ નં.૭, એસ.આર.કોલોની,
કબ્રસ્તાન રોડ, દરગાહ પાસે,
ગામ–ધનોલી, તા.ઉમરગામ, જી.વલસાડ.

**–: વિરૂધ્ધ :–**

**સામાવાળા:–** **શ્રી ફેકટરી મેનેજરશ્રી,**
**ક્રિષ્ના લાઈફસ્ટ્રાઈલ ટેકનોલોજી લીમીટેડ,**
ઠેકાણું : સર્વે નં. ૨૨૭, સંજાણ રોડ,
ગામ–ડેહલી, પો.ભીલાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ.

**હાજર રહયા :–**
**અરજદાર તરફે** :– વિ. યુનિયન પ્રતિનિધીશ્રી સતીષચંદ્ર બી. પરમાર.
**સામાવાળા તરફે** :– ગેરહાજર.

**–: હુ ક મ :–**

(૧) આ કામનાં અરજદારે સદરહુ વસુલાત અરજી ઔદ્યોગીક વિવાદ અધિનિયમ – ૧૯૪૭ ની કલમ–૩૩ (સી)(૧) મુજબ દાખલ કરેલ છે. અરજદારે સામાવાળા પાસે રૂા.૯૬,૭૬૪/– (અંકે રુપિયા છન્નું હજાર સાતસો ચોસઠ પુરા) મેળવવા દાદ માંગેલ છે.

(૨) અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર આ સામાવાળા સંસ્થામાં તા.૧૦/૧૦/૨૦૧૦ ના રોજથી બ્લોરૂમ ખાતામાં ટેન્ટરના હોદ્દાથી તેઓની નોકરીની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા હતા. તેઓની નોકરીનો સમય સવારના ૭:૦૦ થી સાંજના ૭:૦૦ સુધીનો હતો. તેઓને માસીક પગાર રૂા.૬,૭૬૦/– ચુકવવામાં આવતો હતો. તેઓના કામ બાબતે સંસ્થાયે કયારેય તેઓને કોઈ નોટીસ કે ઠપકો આપેલ નથી. તેઓની નોકરીનો રેકર્ડ બીલકુલ ચોખ્ખો અને ડાઘરહીતનો હતો. અરજદારને આ કામના સામાવાળા સંસ્થા ધ્વારા તા.૨૨–૦૫–૨૦૧૫ ના રોજથી નોકરીમાંથી છુટા કરવાનો આદેશ (ડીસમીસલ ઓર્ડર) આપી નોકરીમાંથી છુટા કરેલા જેનાથી નારાજ થઈ અરજદારે સામાવાળા સંસ્થાને બી.આઈ.આર.એકટનીી કલમ–૪૨(૪) મુજબનો વિનંતીપત્ર તા.૧૦–૦૧–૨૦૧૫ ના રોજ વિનંતીપત્ર મોકલી આપેલ. સદર

વિનંતીપત્ર આ કામના સામાવાળાને મળી ગયેલ હોવા છતાં આ કામના સામાવાળાએ તેઓને કામ ઉપર રાખવાની કોઈ તૈયારી નહી બતાવતા તેઓએ આ કામના સામાવાળા સંસ્થા સામે ટી. અરજી નં.૬/૧૫ થી નામદાર મજુર અદાલત સમક્ષ કેસ દાખલ કરેલો. જેમાં સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર થયેલ નથી અને કોઈ રજુઆતો કરેલ નહી તેમજ વારંવાર સામાવાળા સંસ્થાને બચાવની તક આપવા છતાં સંસ્થા તરફે તેમના પ્રતિનિધી એડવોકેટ હાજર નહી રહેતા નામદાર મજુર અદાલતના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તા.૨૯–૦૧–૨૦૧૬ ના રોજ હુકમ પસાર કરેલ કે, આ હુકમ મળેથી દિન–૩૦ માં અરજદારને પડેલા દિવસોનો પુરેપુરો પગાર તથા આનુસાંગીક લાભો સાથે સળંગ સર્વિસથી તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અને આ અરજીના ખર્ચના રુા.૫,૦૦૦/– સામાવાળા સંસ્થાએ અરજદાર કામદારને ચુકવી આપવા તે મુજબનો સામાવાળા સંસ્થાને હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ રીકવરી અરજી (સી)(૨) નં.૧૯/૨૦૧૬ દાખલ કરવામાં આવેલ જેમાં સામાવાળા સંસ્થા તરફે કોઈ હાજર થયેલ નથી અને કોઈ રજુઆતો કરેલ નહી તેમજ વારંવાર સામાવાળા સંસ્થાને બચાવની તક આપવા છતાં સંસ્થા તરફે તેમના પ્રતિનિધી એડવોકેટ હાજર નહી રહેતા નામદાર મજુર અદાલતના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તા.૧૪–૦૭–૨૦૧૭ ના રોજ હુકમ પસાર કરેલ કે, આ હુકમ મળેથી દિન–૩૦ માં અરજદારને રૂા.૯૧,૭૬૩/– ચુકવી આપવા અને આ અરજીના ખર્ચના રુા.૫,૦૦૦/– સામાવાળા સંસ્થાએ અરજદાર કામદારને ચુકવી આપવા તે મુજબનો સામાવાળા સંસ્થાને હુકમ કરવામાં આવેલ છે. સામાવાળા સંસ્થાએ આજદિન સુધી તેઓ અરજદાર–કામદારને કામ ઉપર રાખેલ નથી તેમજ પડેલા દિવસોના કોઈ પગાર ચુકવી આપેલ નથી જેથી અરજદારે રીવકરી અરજી નં.૧૯/૨૦૦૧૬ માં કરેલ હુકમ મુજબ રૂા.૯૬,૭૬૪/– (અંકે રુપિયા છન્નું હજાર સાતસો ચોસઠ પુરા) સામાવાળા પાસે મેળવવા દાદ માંગેલ છે.

(૩) આ કામે અરજદાર કામદારે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

**આંક– ૧૦** અરજદારશ્રી લક્ષ્મણભાઈ બરસાતી યાદવનું પુરાવા સોગંદનામું

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | નામદાર મજુર અદાલતે ટી.અરજી નં. ૧૯/૧૫ માં થયેલ હુકમની નકલ. | ૪/૧ |

(૪) સદર અરજી દાખલ થતાં આ કામના સામાવાળાને આંક–૫ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ ન બજતા પરત કવર આવેલ છે. ત્યારબાદ અરજદારની આંક–૭ ની ચોડી બજાવવાની અરજી ઉપર હુકમ થતાં સદર નોટીસ સામાવાળાના સરનામે ચોડી બજાવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે કોઈ જવાબ રજુ ન થતાં આંક–૯ થી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ

આંક–૧૦ થી અરજદારે સોગંદ ઉપર જુબાની આપેલ છે. બાદમાં સામાવાળા તરફે અરજદારની ઉલટ તપાસ કરવા સામાવાળા હાજર ન રહેતા અરજદારની આંક–૧૧ ની અરજી અન્વયે સામાવાળી સંસ્થાનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર કામની સુનાવણી દરમ્યાન આંક–૧૨ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૧૩ થી સામાવાળી સંસ્થાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યારબાદ આ કામના અરજદારના યુનિયન પ્રતિનિધિશ્રીની દલીલ સાંભળી સરદ કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૫) આ કામે કેસનું રેકર્ડ તથા પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું અરજદાર રીકવરી અરજી મુજબના નાણાં મેળવવા હકકદાર થાય છે.?

૨. શુ હુકમ?

ઉપરોકત મુદ્દાઓ અંગે ટુકમાં જવાબ નીચે મુજબ છે.

**– : જવાબો :–**

મુદ્દા નં.૧ : અંશતઃ હકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

## મુદ્દા નં. ૧ :–

(૬) સમગ્ર કેસનું રેકર્ડ તથા અરજદાર તરફે દલીલની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની અરજી મંજુર થવા પાત્ર છે કે કેમ? તે બાબતે સૌપ્રથમ આ કામે માર્ક ૪/૧ થી રજુ રીકવરી અરજી નં.૧૯/૨૦૧૬ ના કામે તા.૧૪/૦૭/૨૦૧૭ ના રોજ ફરમાવવામાં આવેલ આખરી હુકમ વંચાણે લેવામાં આવે તો નીચે મુજબ છે.

*"–: હુ ક મ :–*

*૧: અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.*

*૨: હાલના અરજદારનાં સામાવાળા પાસે રૂા.૯૧,૭૬૪/– (અંકે રૂપિયા એકાંણું હજાર સાતસો ચોસઠ પુરા) બાકી લેણી નીકળે છે તેમ ઠરાવવામાં આવે છે.*

*૩: આ અરજી ખર્ચના રૂા.૫૦૦૦/– સામાવાળએ અરજદારને ચુકવી આપવા.*

*૪. હાલના સામાવાળાએ ઉપરોકત બાકી લેણી રકમ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.*

*વલસાડ.*
*તા:૧૪–૦૭–૨૦૧૭."*

(૭) આ કામના અરજદારે રજુ કરેલ ઉપરોકત હુકમ હાલ અમલમાં છે. જે રીકવરી અરજીના હુકમ સામે સામાવાળાએ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સામાવાળાએ સદરહુ રીકવરી અરજીમાં થયેલ હુકમ મુજબની રકમ અરજદારને ચુકવેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ નથી. અરજદારે તેમની આંક – ૧ ની અરજીનાં સમર્થનમાં આંક–૧૦ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જે સામાવાળા ને ઉલટ તપાસની તક આપવા છતાં ઉલટ તપાસ કરેલ નથી. આમ સંસ્થા એ અરજદારનાં પુરાવાને પડકારેલ નથી. જયારે સંસ્થાને સદર અરજીની નોટીસ બજી જવા છતાં હાજર રહી અરજીની હકીકતો કે પુરાવાને પડકારતા ન હોય ત્યારે પુરાવા ને નહી માનવાને કોઈ કારણ નથી. પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ અરજદારની અરજીની હકીકતો સાબિત કરવાનો બોજો અરજદાર ઉપર છે. અરજદારે પોતાની અરજીની હકીકતો સાબીત કરવા સચોટ નહિંતો માનવા લાયક પુરાવો રજુ કરવો પડે કે જેથી અરજદારની અરજીની હકીકતો અદાલત સંભવિત રીતે માની શકે. આ કામના સામાવાળા આ કામે હાજર રહેલ નથી કે અરજદારની અરજી તથા સોગંદનામાની હકીકતોને પડકારેલ નથી. જેથી આ કામના અરજદાર સામાવાળાના કામદાર હોવાનું ન માનવા કોઈ કારણ નથી અને રજુ દસ્તાવેજો લક્ષમાં લેતાં તેમના પગારના તફાવતના નાણા સામાવાળા પાસેથી નીકળતા હોવા બાબતની હકીકતને ન માનવા પણ કારણ નથી. પરંતુ તેથી વિશેષ જે કોઈ પણ હકીકત અરજદાર અદાલતને માનવા પ્રેરતા હોય તે અન્વયેનો પુરાવો અરજદારે જાતે રજુ કરવો જ પડે.

(૮) આ કામના અરજદારે પોતાની અરજીમાં સામાવાળા પાસે રીકવરી અરજી નં.૧૯/૨૦૦૧૬ માં કરેલ હુકમ મુજબ રૂા.૯૬,૭૬૪/– (અંકે રુપિયા છન્નું હજાર સાતસો ચોસઠ પુરા) નીકળતી હોવાનું જણાવેલ છે. સદર રીકવરી અરજીમાં જણાવ્યા મુજબ અરજદારના નિકળતા બાકી પગારના નાણાં સામાવાળા સંસ્થાએ અરજદારને ચુકવી આપેલ નથી કે ચુકવી આપવા ઈરાદો પણ દર્શાવેલ નથી તેમજ અરજદારે માંગેલ રકમ ચુકવી આપવામાં આવેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી જેથી અરજદારનો સદર રીકવરી અરજીમાં જણાવેલ રકમ મેળવવાનો પ્રસ્થાપિત હકક છે આ સંજોગોમાં આંક–૧ ની અરજીમાં જણાવ્યા મુજબની રકમ રૂા.૯૬,૭૬૪/– (અંકે રુપિયા છન્નું હજાર સાતસો ચોસઠ પુરા) અરજદાર આ કામના સામાવાળા પાસેથી કાયદેસર રીતે માંગવા તથા મેળવવા માટે હકકદાર થાય છે તેવું ઠરાવવામાં આવે છે અને તેથી સદર રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ આ કામના સામાવાળાઓ વિરૂધ્ધ કરવામાં આવે તો તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયના હિતમાં થઈ રહેશે તેવું મારુ નમ્રપણે માનવું છે જેથી આ સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) અરજદારની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા ક્રિષ્ના લાઈફસ્ટ્રાઈલ ટેકનોલોજી લીમીટેડ, ઠેકાણું : સર્વે નં. ૨૨૭, સંજાણ રોડ, ગામ–ડેહલી, પો.ભીલાડ, તા.ઉમરગામ, જી.વલસાડ સામે અરજદારની બાકી લેણી રકમ રૂા.૯૬,૭૬૪/– (અંકે રુપિયા છન્નું હજાર સાતસો ચોસઠ પુરા) નું વસુલાત અર્થે સક્ષમ ઓથોરીટી સમક્ષ રીકવરી સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૩) આ અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/– સામાવાળાએ અરજદારને ચુકવી આપવા.

(૪) હાલના સામાવાળાએ ઉપરોકત બાકી લેણી રકમ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

સ્થળ:વલસાડ
તા:૨૪/૦૧/૨૦૨૦.

**(કુત્બુદ્દીન હાતીમભાઈ ટ્રંકવાલા)**
Code: GJ01213
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.